©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 28th MAY, 2026/JYAISTHA 07, 1948 [ Issue No. 22**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I

| | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 325-340 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 4797-5062 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# Government Notifications, Orders Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### Miscellaneous Notifications appointments etc.

## By the Prinicipal District Judge

**Read :**

1. The Hon'ble High Court of Gujarat, Confidential Letter No. B.1458/79(43), dated 09-02-2026.

(2) Advisory Committee minutes dated 29-12-2025.

## OFFICE ORDER

No. B.4(3)/02 OF 2026.-Consequent upon the approval of selection Mr. P. H. Parmar, English Stenographer Grade-II (Group-B) for promotion to the cadre of English Stenographer Grade-I (Group-A), by virtue of letter cited above at Sr. No. 1 of the Hon'ble High Court of Gujarat, the undersigned is pleased to pass the following order of promotion and posting, in the interest of general public and on administration ground with effect from 10-02-2026 B.O.H.

Mr. P. H. Parmar working as English Stenographer Grade-II (Group-B) in the Pay matrix level-8, Rs. 44900-142400/- is hereby promoted and posted as English Stenographer Grade-I (Group-A) in the establishment of District Court, Morbi on vacant post, in the Pay matrix level-11, Rs. 67700-208700/- on probation period of one year from taking over charge as English Stenographer Grade-I (Group-A) as per "The Non-Judicial Officers and Staff of the Court (Recruitment and Conditions of Service) Rules, 2017".

Morbi, 09th February, 2026.

---

**Read :**

1. The Hon'ble High Court of Gujarat, Confidential Letter No. B.1458/79(43), dated 09-02-2026.

(2) Advisory Committee minutes dated 29-12-2025.

## OFFICE ORDER

No. B.4(3)/01 OF 2026.-Consequent upon the approval of selection Mr. J. J. Solanki, Gujarati Stenographer Grade-II (Group-B) for promotion to the cadre of Gujarati Stenographer Grade-I (Group-A), by virtue of letter cited above at Sr. No. 1 of the Hon'ble High Court of Gujarat, the undersigned is pleased to pass the following order of promotion and posting, in the interest of general public and on administration ground with effect from 10-02-2026 B.O.H.

Mr. J. J. Solanki working as Gujarati Stenographer Grade-II (Group-B) in the Pay matrix level-8, Rs. 44900-142400/- is hereby promoted and posted as Gujarati Stenographer Grade-I (Group-A) in the establishment of District Court, Morbi on vacant post, in the Pay matrix level-11, Rs. 67700-208700/- on probation period of one year from taking over charge as Gujarati Stenographer Grade-I (Group-A) as per "The Non-Judicial Officers and Staff of the Court (Recruitment and Conditions of Service) Rules, 2017".

Morbi, 09th February, 2026.

**P. V. Shrivastav**
Principal District Judge
Morbi

---

## OFFICE ORDER NO. 17

No. Adm/B.4/2467/2026.-The undersigned is pleased to issue the following promotion, transfer, posting and deputation orders on the administrative grounds, in the interest of public administration and exigency of services w.e.f. 13-04-2026 BOH :

1. Mr. R. D. Delvadiya, Head Clerk, 3rd Additional District Court, Dhrangdhra is temporarily promoted in the Cadre of Gazetted Officer Group-B (Secretary to PDJ/ Protocol Officer/Registrar Civil Court/Bench Clerk Grade-I) in the pay scale of Rs. 44900-142400 (Level-8) on probation for a period of one year and posted as Bench Clerk Grade-I, 3rd Additional District Court, Dhrangadhra on a vacant post.

   Posting vice Mr. R. D. Delvadiya will be made hereafter.

2. Mr. A. M. Prajapati, Head Clerk, Inspection Branch, District Court, Surendranagar is temporarily promoted in the Cadre of Gazetted Officer Group-B (Secretary to PDJ/Protocol Officer/Registrar Civil Court/Bench Clerk Grade-I) in the pay scale of Rs. 44900-142400 (Level-8) on probation for a period of one year and posted as Registrar, Principal Civil Court, Sayla vice Mr. I. M. Madli, transferred.

   Posting vice Mr. A. M. Prajapati will be made hereafter.

3. Mr. N. H. Dave, Nazir, 3rd Additional District Court, Dhrangadhra is temporarily promoted in the Cadre of Gazetted Officer Group-B (Secretary to PDJ/Protocol Officer/Registrar Civil Court/Bench Clerk Grade-I) in the pay scale of Rs. 44900-142400 (Level-8) on probation for a period of one year and posted as Registrar, Principal Civil Court, Patdi on a vacant post.

   Posting vice Mr. N. H. Dave will be made hereafter.

4. Mr. M. B. Dabhi, Head Clerk, CFC, District Court, Surendranagar is temporarily promoted in the Cadre of Gazetted Officer Group-B (Secretary to PDJ/Protocol Officer/Registrar Civil Court/Bench Clerk Grade-I) in the pay scale of Rs. 44900-142400 (Level-8) on probation for a period of one year and posted as Bench Clerk Grade-I, District Court, Surendranagar on a vacant post

   Posting vice Mr. Mr. M. B. Dabhi will be made hereafter.

5. Mr. G. D. Raval, Head Clerk, Criminal Branch, District Court, Surendranagar is temporarily promoted in the Cadre of Gazetted Officer Class Group-B (Secretary to PDJ/Protocol Officer/Registrar Civil Court/Bench Clerk Grade-I) in the pay scale of Rs. 44900-142400 (Level-8) on probation for a period of one year and posted as Registrar, Principal Civil Court, Thangadh vice Mr. B. D. Baldev, transferred. However, he is directed to work in the Criminal Branch, District Court, Surendranagar till further order.

   Posting vice Mr. G. D. Raval will be made hereafter.

6. Mr. V. A. Wadhwana, Head Clerk (Nazir), Principal Civil Court, Wadhwan is temporarily promoted in the Cadre of Gazetted Officer Group-B (Secretary to PDJ/Protocol Officer/Registrar Civil Court/Bench Clerk Grade-I) in the pay scale of Rs. 44900-142400 (Level-8) on probation for a period of one year and posted as Registrar, Principal Civil Court, Muli on a vacant post. However, he is directed to work in the Principal Civil Court, Wadhwan till further order.

   Posting vice Mr. V. A. Wadhwana will be made hereafter.

The incumbent-concerned should take over the charge of their assignment in the respective Courts and they be relieved according. The concerned employee be informed accordingly.

Surendranagar, 10th April, 2026.

**K. R. Upadhyay**
Principal District Judge
Surendranagar

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

નં. મેજી/પોલ-૧/લશ્કરી ગણવેશ/જાહેરનામું-૧૨/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ બજારમાં બીનઅધિકૃત રીતે વેચાતા તથા ઉયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા તેને સંલગ્ન અન્ય ચીજ વસ્તુઓ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ વિસ્તારમાં કોઈપણ દુકાનોમાં કે કોઈપણ વ્યકિતએ સશસ્ત્ર દળોનો ગણવેશ કે તેની સામ્યતા ધરાવતા વસ્ત્રો કે અન્ય ચીજવસ્તુઓનું બીનઅધિકૃત રીતે વેચાણ કરવુ નહિ કે ઉપયોગ કરવો નહિ.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, ઈલેકટ્રોનિક મીડીયા, પોસ્ટ વિ. માધ્યમથી બહોળી પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જાહેરમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

નં. મેજી/પોલ-૧/ટોલનાકા/જાહેરનામું-૧૩/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે તમામ વાહનો જિલ્લાના ટોલનાકા પર પસાર થતા સમયે ઉભા રહે તથા સરકારશ્રીએ જાહેરનામાથી નક્કી કરેલ ટોલ ટેક્ષ ચુકવી ને જ પસાર થાય તે માટે જાહેર હિત અને જાહેર સલામતીના કારણોસર આદેશ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ નીચે અનુસુચિમાં જણાવેલ ટોલ નાકાઓ પરથી પસાર થતા નાના મોટા તમામ વાહનોના ચાલકોએ તેમનુ વાહન ટોલ નાકા પર ઠરાવેલ નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા સરકારશ્રીએ નકકી કરેલ ટોલ ટેક્ષ ચુકવી તેની પહોંચ મેળવી અથવા નિયમોનુસાર મુકિત મળવા પાત્ર હોય તો તેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું. વિશેષમાં ઉપરોકત ટોલનાકામાંથી વાહન પસાર થવાની જગ્યાએ પોતાની ખાનગી માલીકીની જમીનમાંથી બાયપાસ થઈ વાહન પસાર થઈ શકે તેવો કોઈ બાયપાસ રસ્તો વાહન ચાલકોને પૂરો પાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અનુસૂચિ :

૧. મોખા ટોલ પ્લાઝા, તા. મુંદરા (કચ્છ)
૨. સામખીયાળી ટોલ પ્લાઝા, સામખીયાળી તા. ભચાઉ (કચ્છ)
૩. સુરજબારી ટોલ પ્લાઝા, તા. ભચાઉ (કચ્છ)
૪. માખેલ ટોલ પ્લાઝા, તા. રાપર (કચ્છ)
૫. ધાણેટી ટોલ પ્લાઝા, તા. ભુજ
૬. ભીરંડીયારા ટોલ પ્લાઝા, તા. ભુજ (કચ્છ)
૭. કુકમા ટોલ પ્લાઝા, તા. ભુજ(કચ્છ)

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

### હુકમ

નં. મેજી/પોલ-૧/કેબલ/જાહેરનામુ-૧૪/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે જાહેર જનતાના જાન-માલની સલામતી માટે પી.જી.વી.સી.એલ.ના થાંભલા પરથી ટીવી/ઈન્ટરનેટના કેબલ દૂર કરવા અત્યંત જરૂરી છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો ઉચિત જણાય છે.

જેથી, હું આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લામાં કોઈ પણ ટી.વી. કેબલ ઓપરેટરે પી.જી.વી.સી.એલના ઈલેક્ટ્રીક નેટવર્ક તથા બી.એસ.એન.એલના થાભલા પર ટીવી કેબલ પ્રસ્થાપિત કરેલ હોય તો તે દુર કરવા અને કોઈએ નવા સ્થાપિત કરવા નહીં. તેમજ પી.જી.વી.સી.એલ દ્વારા દુર કરાયેલ ટી.વી. કેબલ પી.જી.વી.સી.એલના નેટવર્ક પર પુનઃસ્થાપિત કરવા નહીં.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસના અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમના કોઈપણ ખંડ કે ભાગનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી. તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

નં. મેજી/પોલ-૧/ખાનગી ટયુશન/જાહેરનામુ-૧૬/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે ઘણા ટયુશન કલાસમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ રાત્રીનાં સમયમાં કે વહેલી સવારે ટયુશન કલાસ ભરવા જતા હોવાનુ ધ્યાને આવેલ છે. અને તે દરમિયાન ઘણી વિદ્યાર્થીનીઓ સાથે છેડતી કે બીજા કાયદો વ્યવસ્થાને લગતા પ્રશ્નો ઉપસ્થિત થવાની શકયતા હોઈ અત્રેના જિલ્લામાં ચાલતા ટયુશન કલાસો માટે ચોકકસ સમય રાખવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, જિલ્લાની મહેસુલી હદમાં આવેલ ખાનગી ટયુશન કલાસીસ સવારે ૦૮-૦૦ કલાક થી સાંજે ૧૯-૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. તે સિવાયના સમયમાં ટયુશન કલાસીસ ચલાવવા મનાઈ ફરમાવું છું.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

### હુકમ

નં. મેજી/પોલ-૧/પથિક/જાહેરનામું-૧૫/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની

વિગતે કચ્છ જિલ્લાના શહેરી/ગ્રામ્ય તેમજ અંતરીયાળ વિસ્તારમાં આવેલ ગેસ્ટ હાઉસ તથા હોટલોમાં ત્રાસવાદી સંગઠનોના માણસો રોકાઈને પોતાની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપવાની સંભાવનાઓ રહેલી હોય આવા તત્વો બાબતે સંપુર્ણ માહીતી મેળવી શકાય તેમજ તેમના ઉપર અંકુશ લાવી શકાય તે સારૂ હોટલ ગેસ્ટ હાઉસના માલીકો/સંચાલકોએ નિયમોનું પાલન કરવા તેમજ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખી જેમાં અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program for Analysis of Traveller & Hotel informatics) સોફટવેર ઈન્સ્ટોલ કરાવી કચ્છ જિલ્લામાં તે મજુબની અમલવારી કરાવવી જરૂરી જણાય છે.

જેથી, હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સમગ્ર કચ્છ જિલ્લા શહેરી/ગ્રામ્ય તેમજ અંતરીયાળ વિસ્તારમાં આવેલ દરેક હોટલ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મશાળા/ સમાજવાડી/મુસાફરખાનાના માલિકો/સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખી જેમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program for Analysis of Traveller & Hotel informatics) સોફટવેર ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં કરવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/રીસોર્ટ/ધર્મશાળા/સમાજવાડી/મુસાફરખાનામાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ પોલીસ ખાતાએ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ પોલીસ સબ ઈન્સ્પેકટરનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ**

## હુકમ

નં. મેજી/પોલ-૧/બોર-કુવા/જાહેરનામું-૧૧/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળા પત્રની વિગતે ખુલ્લા બોર-કુવામાં બાળકોના પડી જવાના બનાવો ન બને તે માટે તકેદારીના પગલાં લેવા દરખાસ્ત રજુ થયેલ છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી, હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં બોર-કુવા બનાવવા પહેલાં તથા બનાવ્યા બાદ બોર વેલ/ટયુબ વેલના માલિક/ઉપયોગ કર્તા/ ડ્રીલીંગ એજન્સીએ નીચે મુજબના હુકમોનું પાલન કરવાનું રહેશે.

1. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ શરૂ કરતા પહેલાં જગ્યાના માલિકે સ્થાનિક સત્તામંડળ તથા સ્થાનિક પોલિસને ૧૫ દિવસ પહેલાં જાણ કરવાની રહેશે.
2. તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ ડ્રીલીંગ એજન્સીએ સ્થાનિક સત્તામંડળ પાસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
3. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે નીચે જણાવેલ વિગતો સાથેનું સલામતી સૂચક સાઈનબોર્ડ લગાવવાનું રહેશે.
   - 3.1. બોર વેલ/ટયુબ વેલના બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે ડ્રીલીંગ એજન્સીનું નામ તથા પૂરૂ સરનામું.
   - 3.2. બોર વેલ/ટયુબ વેલનો ઉપયોગ કરનાર એજન્સી અથવા માલિકનું નામ તથા પૂરૂ સરનામું
4. બોર વેલ/ટયુબ વેલનું બાંધકામ અથવા સમારકામ ચાલુ હોય ત્યારે તેની આજુબાજુ કાંટાળા તાર અથવા યોગ્ય વાડ/અંતરાયો રાખવાના રહેશે.
5. વેલ કેસીંગની આજુબાજુ ૦.૫૦×૦.૫૦×૦.૬૦ (૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ ઉપર તથા ૦.૩૦ મીટર ગ્રાઉન્ડ લેવલ નીચે) સિમેન્ટ કોંક્રીટવાળું પ્લેટફોર્મ બનાવવાનું રહેશે.
6. સ્ટીલ પ્લેટ વેલ્ડીંગ કરી અથવા નટ બોલ્ટ સાથે મજબુત પ્લેટ ફીટ કરી બોર વેલ/ટયુબવેલનું કેપીંગ કરવાનું રહેશે.
7. પંપ સમારકામ અથવા અન્ય કોઈ સમારકામ દરમ્યાન બોર વેલ/ ટયુબ વેલ ખુલ્લા છોડી શકાશે નહીં.
8. બાંધકામ/સમારકામ પૂર્ણ થયા બાદ ખાડા/ચેનલમાં માટી ભરવાની રહેશે.
9. બીન ઉપયોગી અથવા ત્યજી દેવાયેલ બોર વેલ/ટયુબ વેલ અંગે સ્થાનિક સત્તામંડળ પાસેથી એક પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને માટી/રેતી/કાંકરા વિગેરે દ્વારા નીચેથી ગ્રાઉન્ડ લેવલ સુધી ભરી દેવાના રહેશે.
10. ડ્રીલીંગ પૂર્ણ થયા બાદ ગ્રાઉન્ડ લેવલ ડ્રીલીંગ શરૂ કર્યા પહેલાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં લાવવાનું રહેશે.
11. જે બોર વેલ/ટયુબ વેલ હાલ બીન ઉપયોગી હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય તેને નટ-બોલ્ટ સાથે બોરકેપ લગાવી ઢાંકી દેવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## હુકમ

નં. મેજી/પોલ-૧/ઘાસચારા વેચાણ/જાહેરનામું-૦૯/૦૩/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬વાળી દરખાસ્તની વિગતે જાહેર જનતાની સુરક્ષાના હિતમાં જાહેરમાં સરકારી તથા ખાનગી જમીનો પર અનધિકૃત રીતે ઘાસચારો વેંચવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ નગરપાલિકાઓની હદમાં અધિકૃત કરેલ સ્થળો સિવાયના કોઈપણ સ્થળ પર ઘાસચારાનો વેપાર કરી શકાશે નહીં.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

## હુકમ

નં. મેજી/પોલ-૧/મજુર પ્રાથમિક સુવિધા/જાહેરનામું-૧૦/૦૩/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે કચ્છ જિલ્લામાં ભુકંપ પછી મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમોના આગમનથી પરપ્રાંતિય શ્રમિકો મોટી સંખ્યામાં વસવાટ કરે છે જેઓને પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ કોન્ટ્રાકટરો દ્વારા મળે તે જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો, બાંધકામની જગ્યાઓ, ઈંટના ભઠ્ઠાઓ, ખાણો ખાતે મજૂરી કરતા મજૂરોને લેબર કોન્ટ્રાકટર દ્વારા પાણી, વિજળી, રહેણાંક અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

## હુકમ

નં. મેજી/પોલ-૧/મજુર નોંધણી/જાહેરનામું-૦૮/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની

વિગતે કચ્છ જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોમાં તરફથી જે લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરો મેળવવામાં આવે છે તેવા મજુરોને કામે રાખતા પહેલા તેમના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો મેળવવામાં આવે તે સુનિશ્ચિત કરવું ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાકટર પાસેથી મેળવેલ મજુરો બાબતે નીચે મુજબની કાર્ય પદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ઔદ્યોગિક એકમો લેબર કોન્ટ્રાકટરોએ પ્રથમ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ અથવા ભુજ (જેનો વિસ્તાર લાગુ પડે તે પ્રમાણે) પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણ નોંધાયેલ લેબર કોન્ટ્રાકટરો, મજુરો પુરા પાડવાની કામગીરી કરી શકશે નહી. આ તારીખ પછી લેબર કોન્ટ્રાકટરોએ મજુર પુરા પાડતા પહેલાં સબંધિત મદદનીશ મજુર કમિશ્નરશ્રી, પાસેથી નોંધણી કરાવી લેવાની રહેશે.

(૨) નોંધણી મેળવેલ લેબર કોન્ટ્રાકટરોએ જુદા જુદા ઔદ્યોગિક એકમોને પુરા પાડેલ મજુરોની યાદી મદદનીશ કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ ભુજ તથા પૂર્વ કચ્છ, ગાંધીધામને દર માસે પુરી પાડવાની રહેશે. તેમાં મજુરોના નામ, પાકા સરનામા તથા ફોટો સાથે ઉંમર સહિતની વિગતો આપવાની રહેશે. પુરા પાડેલ મજુરોની ઓળખ સાબિત કરવા માટે ફોટા સાથેના ઓળખપત્રની નકલ લેબર કોન્ટ્રાકટરે પોતાની કચેરીમાં રાખવાની રહેશે અને માંગણી થયે રજુ કરવાની રહેશે.

(૩) કામે રાખેલ મજુરો પૈકી મજુરો છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર ત્રણ માસે મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામ તથા જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને દર માસે પુરી પાડવાની રહેશે.

(૪) ઔદ્યોગિક એકમોએ રોકેલ લેબર કોન્ટ્રાકટરોની માહિતી દર માસે જે તે પોલીસ સ્ટેશનને તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ગાંધીધામને આપવાની રહેશે.

(૫) લેબર કોન્ટ્રાકટરોએ કામે રાખેલ મજુરોની સંપુર્ણ વિગત તથા ફોટા સાથેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, ભુજ/ગાંધીધામ પાસેથી સહી, સિક્કા કરાવેલ હોવું જોઈશે. જિલ્લા/રાજય બહારથી પુરા પાડેલ મજુરોનું જે તે જિલ્લા/રાજ્યનું પુરૂં સરનામું ફોટો સહિત રજીસ્ટરમાં પુરાવાના આધારે નોંધવું જોઈશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજુરો પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથી મજુરો મેળવી શકશે નહી.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

## હુકમ

નં. મેજી/પોલ-૧/ટ્રાન્સપોર્ટ ડ્રાઈવર/જાહેરનામું-૦૬/૦૩/૨૦૨૫૬.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે કચ્છ જિલ્લામાં કાર્યરત તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર ડ્રાયવરો/કલીનરોને કામે રાખતા પહેલા તેઓના નામ, સરનામા સહિતની જરૂરી વિગતો સંબંધીત પોલિસ સ્ટેશનમાં આપે તે સુનિશ્ચિત કરવું ખુબજ જરૂરી જણાય છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો ઉચિત જણાય છે.

જેથી, હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ પોતાના વાહનો પર કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો બાબતે નીચે મુજબની કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) દરેક ટ્રન્સપોર્ટ ઓપરેટરોએ કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની સંબંધીત પોલિસ સ્ટેશનમાં ડીટેઈલ બાયોડેટા સહિત નોંધણી કરાવી લેવાની રહેશે. ત્યારબાદ વણનોંધાયેલ ડ્રાયવરો/કલીનરો કામગીરી કરી શકશે નહીં.

(૨) કામે રાખેલ રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરો પૈકી કોઈ છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી દર માસે જે તે વિસ્તારના નજીકના પોલિસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૪) કોઈપણ ટ્રાન્સપોર્ટ ઓપરેટરો રાજ્ય બહારના ડ્રાયવરો/કલીનરોની નોંધણી કરાવ્યા સિવાય કામે રાખી શકશે નહીં.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા ઔદ્યોગિક એકમોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની**
**કલમ-૧૬૩ અન્વયે કાઢેલ**

## હુકમ

નં. મેજી/પોલ-૧/સીસીટીવી કેમેરા/જાહેરનામું/૦૫/૦૩/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે જાહેર સ્થળો પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા બાબતેના નિયમન કરવા જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો ઉચિત જણાય છે.

જેથી રાષ્ટ્ર વિરોધી તથા અસામાજીક તત્વો તથા ગુન્હેગારો દ્વારા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલ્કતને નુકશાન ન થાય તેવા કૃત્યો અટકાવવા અને નાગરીકોના મનમાં પોતાની સલામતીની લાગણી માટે તકેદારીના પગલા રૂપે હું, અમિત અરોરા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ તમામ રાષ્ટ્રીય, ખાનગી તેમજ સહકારી બેંકો તથા તેમના હસ્તકના એ.ટી.એમ. સેન્ટરો, ગેર બેંકીંગ સેન્ટરો (આંગડીયા પેઢી, મની એકસ્ચેન્જ), પેટ્રોલપંપો, ગેસ ફિલિંગ સેન્ટરો, વાઈટલ ઈન્સ્ટોલેશનો, જ્વેલર્સની દુકાનો, હેવી વોટર પ્લાન્ટ, તમામ પ્રાઈવેટ કંપનીઓ, શોપીંગ સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થીયેટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળાઓ, અતિથીગૃહો, રેસ્ટોરેન્ટ, ફાસ્ટફૂડ પાર્લર, બહુમાળી બિલ્ડીંગો, મોટા ધાર્મિક સ્થળો તેમજ જુદા જુદા પાર્ટી પ્લોટો તથા અતીથીગૃહો કે જયાં લગ્ન તેમજ અન્ય સામાજીક પ્રસંગોના આયોજન કરવામાં આવે છે તેના માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ઉપર્યુકત ધંધાના સ્થળોએ પ્રવેશદ્વારો ઉપર પુરતા પ્રમાણમાં તાલીમબધ્ધ સિકયોરીટી ગાર્ડને મેટલ ડિટેકટર સાથે ફરજ પર નિયુકત કરવાના રહેશે અને ઉપરોકત તમામ જણાવેલ તમામ સ્થળો ઉપર સી.સી.ટી.વી. (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન સાથેના) કેમેરાની નીચે જણાવેલ સૂચનાઓને અનુલક્ષીને વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) ઉપરોકત જણાવેલ તમામ સ્થળોના માલિકો/ઉપભોકતાઓ વહીવટકર્તાઓએ પોતાના કબ્જાના સ્થળ ઉપર (નાઈટ વિઝન તથા હાઈડેફિનેશન સાથેના) સારી ગુણવતાંવાળા સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૨) ઉપરોકત જણાવેલ તમામ સ્થળોના માલિકો/ઉપભોકતાઓ વહીવટકર્તાઓએ પોતાના કબ્જાના સ્થળ ઉપર પ્રવેશ કરવાનો હોય, તે તમામ જગ્યાએ પ્રવેશ કરતા તમામ માણસોને અવર જવર વ્યવસ્થિત રીતે તેમજ ક્લિયર જોઈ શકાય અને પ્રવેશ કરતા વાહનોના રજીસ્ટ્રેશન નંબર પ્લેટ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તેમજ પેટ્રોલ/ડિઝલ/ગેસ ફિલિંગ સ્ટેશન બહારના ભાગે PTZ (પાન-ટીલ્ટ ઝૂમ) કેમેરા લગાડવા.

(૩) પેટ્રોલ/ડિઝલ પંપો તથા ગેસ ફિલિંગ સ્ટેશનની પાર્કીંગની જગ્યામાં સવિસ્તાર પૂર્વક જુદા-જુદા સી.સી.ટી.વી. કેમેરા રાખવા જેથી પાર્કીંગ વિસ્તારમાં થતી તમામ હિલચાલ સી.સી.ટી.વી. માં કવરેજ લઈ શકાય.

(૪) તમામ સ્થળોના માલિકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ સી.સી.ટી.વી. કેમેરાના આઉટપુટ ડિસપ્લે (મોનીટર) અને ડી.વી.આર. જ્યારે પણ અધિકૃત અધિકારીશ્રી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકાય અને તે માટે તેના ટેકનીશીયન સતત હાજર મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) દરેક બેંકની અંદર દરેક કેબીનોની ફુટેજ સારી રીતે જોવાય તે રીતે સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. ભુતકાળના અનુભવો ધ્યાને લેતા માત્ર કાયદેસરના હુકમોનું પાલન કરવા તથા તેની છટકબારી શોધવા સામાન્ય દરજ્જોની કવોલીટી વાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવતાં હોય છે. જેની ખરેખર કોઈ ઉપયોગીતા રહેતી નથી. પરંતુ તેમ નહી કરતા હાઈ-ડેફિનેશન અને નાઈટ વિઝન જેવી ઉચ્ચ ગુણવતા વાળા સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૬) દરેક બેંકોની અંદર સેફ/લોકરવાળી જગ્યાએ તથા તે જગ્યાની અંદર જતા-આવતાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા ફરજીયાત કરવાની રહેશે, અને જે સી.સી.ટી.વી. કેમેરાઓ આવતા જતા દરેક ઈસમોના સ્વચ્છ ફૂટેજ મળી રહે તે રીતે રાખવાના રહેશે.

(૭) દરેક બેંકોના રાખવામાં આવેલ એ.ટી.એમ.ના બહારના ભાગે વાહન પાર્કિંગના સ્થળની સામે રહેલ રોડના બીજા કિનારા સુધીના સ્વચ્છ ફૂટેજ આવે તે રીતે સી.સી.ટી.વી. કેમેરાની ગોઠવણ કરવાની રહેશે.

(૮) દરેક બેંક/એ.ટી.એમ. માં રાખવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરાનું ૩૦-દિવસ સુધીનું ડેટા સાચવી રાખવાનો રહેશે.

(૯) સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજ પોલીસ અધિક્ષકશ્રીની મંજુરી સિવાય કોઈપણ એજન્સી/સંસ્થાઓને આપી શકાશે નહી.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની
કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

## હુકમ

ના. મેજી/પોલ-૧/સાઈકલ/મોપેડ/જાહેરનામુ-૦૩/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈકના વેચાણ ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક/કાર લે-વેચ કરતા વેપારીઓ જુના-નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક વગેરેના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીઓએ નવા જુના સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક ખરીદી સમયે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ વિગેરે મેળવી તેની ખરાઈ કરી સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક/કાર વેચાણ સમયે બીલમાં સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક/કાર વગેરેનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરૂં નામ, સરનામું, ટેલીફોન નં. વિગેરે લખવાનું રહેશે.

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા જુના/નવા સાયકલ/સ્કુટર/મોપેડ/બાઈક લે-વેચ કરતા વેપારીશ્રીઓ, ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારીઓના ધંધાના સ્થળે સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની
કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

## હુકમ

નં. મેજી/પોલ-૧/સીમકાર્ડ/જાહેરનામુ-૦૪/૦૩/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ હોવું અતિ જરૂરી છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ, તેના ડીસ્ટ્રીબ્યુટરો, જથ્થાબંધ વેપારી અને રીટેઈલ વેપારીઓએ સીમકાર્ડના ખરીદ અને વેચાણ અંગે નીચે જણાવ્યા મુજબનું પાલન કરવાનું રહેશે.

૧) મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતાં સીમકાર્ડના નંબરોનું રજીસ્ટર એરિયાવાઈઝ ડીસ્ટ્રીબ્યુટરોએ અને જથ્થાબંધ વેપારીઓએ નિભાવવું.

૨) ડીસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓ તરફથી રીટેલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનું રજીસ્ટર રીટેલરોએ પણ નિભાવવું. જેમાં જે તે નંબર કઈ વ્યક્તિને વેચવામાં આવેલ છે અને સાથોસાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ નોંધ કરવી.

૩) મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડનું વેચાણ કરતા ડીસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેલરોની યાદી તેઓના કંપની કોડ સાથેની નજીકના પોલિસ સ્ટેશન તેમજ પોલિસ અધિક્ષકશ્રીની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તો તેની પણ જાણ કરવી.

૪) સીમકાર્ડ ખરીદવા આવનાર વ્યકિત જે દસ્તાવેજો આપે છે તે દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી કરવી અને રીટેલરની જવાબદારી હોઈ તે દસ્તાવેજો જેવા કે ફોટો આઈડી ધરાવતા દસ્તાવેજો સાથે અલગથી આપવામાં આવતા પાસપોર્ટ સાઈઝના ફોટાની સરખામણી કરવી.

૫) મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં તેવા લોકોની પુરેપુરી માહિતી સ્થાનિક પોલિસ અને મોબાઈલ કંપનીઓએ સોંપવી.

૬) મોબાઈલ સીમના ડીસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ, કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લાવાળાઓને આપતા હોવાનું જણાઈ આવેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનું વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ લાયન્સસ ધારકને જ વેચવા આપે તેવી વ્યવસ્થા કરવી.

૭) મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનું એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવું.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિદ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ સીમકાર્ડ લે-વેચ કરતા વેપારીઓ, ડીસ્ટ્રીબ્યુટરો,

જથ્થાબંધ વેપારીઓ તેમજ મોબાઈલ કંપનીઓની ઓફિસમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પોલીસે તેની પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું**

## જાહેરનામું

નં. મેજી/પોલ-૧/ટાપુ/જાહેરનામું/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળા પત્રથી કચ્છ જિલ્લામાં માનવ વસાહત રહિત આવેલ કુલ-૨૧ નિર્જન ટાપુઓ પર રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશવિરોધી પ્રવૃત્તિને રોકવા આ ટાપુઓ પર પ્રવેશ પર પ્રતિબંધ મુકવા બાબતે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી હું, આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના કુલ-૨૧ (એકવીસ) ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: અપવાદ :

**ઉપરોક્ત જાહેરનામામાંથી નીચેનાઓને મુકિત આપવામાં આવશે.**

(૧) રાજ્ય/કેન્દ્ર સરકારની સુરક્ષા એજન્સીઓ.

(૨) સરકારી કામે રોકાયેલ રાજ્ય/કેન્દ્ર સરકારના કર્મચારી/અધિકારીશ્રીઓ.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારશ્રીઓએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામામાંથી મુકિત આપવા માટેના અધિકારો સંબંધિત પોલીસ અધિક્ષકશ્રી પશ્ચિમ કચ્છ-ભુજ/પૂર્વ કચ્છ-ગાંધીધામ તથા સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓને રહેશે.

આજરોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

**અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : મેજી/પોલ-૧/ટાપુ/જાહેરનામું/૦૩/૨૦૨૬ અન્વયેનું પરિશિષ્ટ**

| પશ્ચિમ કચ્છ, ભુજ પોલીસ હદ વિસ્તારમાં આવેલ ટાપુઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ. નં. | ટાપુનું નામ | ટાપુનો અંદાજીત વિસ્તાર/ક્ષેત્રફળ | અક્ષાંશ રેખાંશ | નજીકના જમીની વિસ્તારથી અંતર | માનવ વસવાટ છે કે કેમ? | નજીકના પોલીસ સ્ટેશનનું નામ |
| ૧ | શેખરણ પીર | અનસર્વેડ | 23.2015.04<br>68.3031.26 | સાંધી જેટીથી ૧૨ કી.મી. | ના | જખૌ મરીન |
| ૨ | ઓગતરા | અનસર્વેડ | 23.1744.54<br>68.3329.79 | સાંધી જેટીથી ૧૭ કી.મી. | ના | જખૌ મરીન |
| ૩ | લુણાબેટ | અનસર્વેડ | 23.1515<br>68.3410 | જખૌ સોલ્ટથી ૧૦ કી.મી. | ના | જખૌ મરીન |

| અ. નં. | ટાપુનું નામ | ટાપુનો અંદાજીત વિસ્તાર/ક્ષેત્રફળ | અક્ષાંશ રેખાંશ | નજીકના જમીની વિસ્તારથી અંતર | માનવ વસવાટ છે કે કેમ? | નજીકના પોલીસ સ્ટેશનનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૪ | ખદરાઈ પીર ટાપુ | અનસર્વેડ | 23.13187<br>68.3557.2 | જખૌ સોલ્ટથી ૧૨ કી.મી. | ના | જખૌ મરીન |
| ૫ | સૈયદ સુલેમાન પીર ટાપુ | અનસર્વેડ | 23.149101<br>68.6626.74 | સીંધોડીથી ૧૦ કી.મી. | ના | જખૌ મરીન |
| ૬ | ચભડીયો ટાપુ | અનસર્વેડ | 23.1324.99<br>68.3519.41 | મોહાડીથી ૩ કી.મી. | ના | જખૌ મરીન |
| ૭ | લુણ ટાપુ | અનસર્વેડ | 23.1830<br>68.3639 | સાંઘી જેટીથી ૧૦ કી.મી. | ના | જખૌ મરીન |
| ૮ | ગોધરાઈ ટાપુ | અનસર્વેડ | 23.1710<br>68.3812 | જખૌ સોલ્ટથી ૧૧ કી.મી. | ના | જખૌ મરીન |
| ૯ | મોટાપીર | અનસર્વેડ | 23.2358.85<br>68.3114.58 | સાંઘી જેટીથી ૦૫ કી.મી. | ના | વાયોર |
| ૧૦ | હેમતલ (હંઈતલ) | અનસર્વેડ | 23.2219.12<br>68.3341.76 | સાંઘી જેટીથી ૦૪ કી.મી. | ના | વાયોર |
| ૧૧ | હાજી ઈબ્રાહિમ | અનસર્વેડ | 23.2449.00<br>68.2832.00 | સાંઘી જેટીથી ૧૫ કી.મી. | ના | નારાયણ સરોવર |
| ૧૨ | ખાનાણા બેટ | અનસર્વેડ | 23.439887<br>68.508707 | જખૌ સોલ્ટથી ૦૭ કી.મી. | ના | નારાયણ સરોવર |
| ૧૩ | ગોપી બેટ | અનસર્વેડ | 23.2744<br>68.2519 | લકી થી ૧૧ કી.મી. | ના | નારાયણ સરોવર |
| ૧૪ | સતોરી બેટ | અનસર્વેડ | 23.3341.88<br>68.2645.98 | લકી થી ૧૩ કી.મી. | ના | નારાયણ સરોવર |
| ૧૫ | ભકલ બેટ | અનસર્વેડ | 23.3535.03<br>68.2632.04 | લકી થી ૧૧ કી.મી. | ના | નારાયણ સરોવર |
| ૧૬ | સાવલાપીર | અનસર્વેડ | 23.46.912<br>68.23.79 | લકી થી ૨૭ કી.મી. | બી.એસ.એફ.ચોકી ચાલુ સીઝનમાં રહે છે. | નારાયણ સરોવર |
| ૧૭ | સુગર બેટ | અનસર્વેડ | 23.26.54<br>68.29.42 | લકી થી ૧૨ કી.મી. | ના | નારાયણ સરોવર |
| ૧૮ | પીર સનાઈ | અનસર્વેડ | 23.4916.09<br>68.1627.26 | કોટેશ્વરથી ૩૨ કી.મી. | બી.એસ.એફ.ચોકી ચાલુ સીઝનમાં રહે છે. | નારાયણ સરોવર |
| ૧૯ | બોયા બેટ | અનસર્વેડ | 23.2249.4<br>68.2724.3 | સાંઘી જેટીથી ૧૫ કી.મી. | ના | નારાયણ સરોવર |
| ૨૦ | સેથવારા બેટ | અનસર્વેડ | 23.2722.19<br>68.2445.38 | લકી થી ૧૦ કી.મી. | ના | નારાયણ સરોવર |
| **પૂર્વ કચ્છ, ગાંધીધામ પોલીસ હદ વિસ્તારમાં આવેલ ટાપુ** | | | | | | |
| ૨૧ | સત સૈડા ટાપુ | અનસર્વેડ | 23.0135<br>70.1837 | -- | ના | કંડલા મરીન |

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

**હુકમ**

નં. મેજી/પોલ-૧/મકાન ભાડા/જાહેરનામું-૦૧/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામના તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળા પત્રની વિગતે લોકોના જાન, સ્વાસ્થ્ય અને સલામતીને થતું જોખમ ઘટાડવા તથા જાહેર સુલેહશાંતી જાળવવા માટે ભાડેથી અપાતા મકાનો માટે મકાન માલીકો ઉપર નિયંત્રણો મુકવા બાબતે દરખાસ્ત રજુ થયેલ છે જેને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની હદમાં આવેલ તમામ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન ભાડે આપી શકાશે નહીં, ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે જણાવેલ જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ. નં. | મકાન માલીકનું નામ, ભાડે આપેલ મકાનની વિગત, વિસ્તારનું નામ, મકાનનું બાંધકામ ક્ષેત્રફળ | મકાન ભાડે આપવા અધિકૃતતા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું, સંપર્ક નંબર સહિત | મકાન ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું | કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ, સરનામા, સંપર્ક નંબર સહિત | મકાન માલીક અને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સંપર્ક નંબર સહિત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરવા તથા પોલીસ સ્ટેશનના નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

આજરોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## હુકમ

નં. મેજી/પોલ-૧/જુના મોબાઈલ/જાહેરનામું-૦૨/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનુ ઓળખ અંગેનું પૂરૂં નામ, સરનામું, નોંધવું જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ જુના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓને નીચે જણાવેલ મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. અને માંગણી કર્યેથી રજુ કરવાનું રહેશે.

**જુના મોબાઇલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અનુ. નં. | મોબાઇલ ફોનની વિગત | IMEI નંબર | મોબાઇલ વેચનાર/ખરીદનારનું નામ તથા સરનામાની વિગત | આઇડી પ્રુફની વિગત અસલ પરથી ખરાઇ કરીને મેળવવી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓની દુકાનમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ની આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

## હુકમ

નં. મેજી/પોલ-૧/હોટલ ગેસ્ટહાઉસ/જાહેરનામુ-૦૭/૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૩-૦૩-૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, પૂર્વ કચ્છ-ગાંધીધામની તા. ૧૯-૦૩-૨૦૨૬ વાળી દરખાસ્તની વિગતે રાષ્ટ્રીય સુરક્ષા, જાહેર વ્યવસ્થા અને સલામતી માટે ભયજનક વ્યકિતઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે કચ્છ જિલ્લામાં આવેલ ગેસ્ટ હાઉસ/હોટલ/લોજ/ધર્મશાળા પર નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, કચ્છ જિલ્લાની મહેસુલી હદમાં આવેલ તમામ હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ માલિકોએ અને ધર્મશાળા સંચાલકોએ નીચે જણાવેલ કાર્યપદ્ધતિ મુજબ અમલ કરવાનું રહેશે.

(૧) હોટલ/ગેસ્ટ હાઉસ/લોજ/ધર્મશાળામાં રહેવા આવનાર દરેક મુસાફર દ્વારા તેમના પોતાના સ્વહસ્તાક્ષરમાં જ નીચે જણાવેલ નમુનામાં રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| અ.નં. | નામ | ઉંમર | નાગરીકત્વ | મો.નં. | સરનામું | ફોટો આઈડી પ્રુફની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| મુલાકાતનું કારણ | આવ્યા તારીખ/સમય | રૂમ નં. | હોટલ છોડયા તારીખ/સમય | બીલ નં. તારીખ | સહી |
|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથના અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવાનું રહેશે.

(૩) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતેથી પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવી પડશે, ફોટો ઓળખપત્ર રજુ કરવું પડશે તો જ હોટલમાં પ્રવેશ આપવામાં આવશે તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શીત કરવાનું રહેશે.

(૪) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના રિસેપ્શન કાઉન્ટર ઉપર સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન વગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે. તે એક માસ સુધી સાચવવાનું રહેશે.

(૫) દરેક હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસમા આવતા પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ પાર્કિંગની જગ્યાએ સી.સી. કેમેરા રાખવા જેથી પ્રવાસીઓ તથા તેમના સામાન અને વાહન વિગેરેનું વિડીયો રેકોર્ડીંગ થઈ શકે તે એક માસ સુધી સાચવી રાખવું પડશે.

(૬) મુસાફરના ફોટા ઓળખકાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વિગેરે)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવી અથવા કોમ્પ્યુટરમાં સેવ રાખવાના રહેશે.

(૭) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી નહીં.

(૮) કચ્છ જિલ્લાની હદમાં આવેલ હોટલ/લોજ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ ધાબાના માલીક, મેનેજર તથા તમામ કર્મચારીઓના નામ, સરનામાં, ફોન નંબર, ફોટો સહિતની તમામ વિગત દર્શાવતી લેખીત માહિતી સંબંધીત પોલિસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટને ફરજીયાત આપવી.

(૯) વિદેશી નાગરીકો/મુલાકાતી/ગેસ્ટ હોય તો તેમના પાસપોર્ટની સંપૂર્ણ વિગત રજીસ્ટરમાં નોંધવી તેમજ સી ફોર્મ ભરાવી એલ.આઈ.બી., એસ.પી. કચેરીએ જાણ કરવી.

(૧૦) હોટલ/ગેસ્ટ હાઉસમાં ઈન્ટરનેટ-વાઈફાઈ સિસ્ટમ કાર્યરત હોય તો તેની વિગતો રજીસ્ટર બનાવી સાચવી રાખવાની રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એક તરફ હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી, મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશન તથા હોટલ/ગેસ્ટ હાઉસ/લોજમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવી.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૧૫ આદેશાત્મક જોગવાઈઓ ધ્યાને લઈ આ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ગુના કામે આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ફરીયાદ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમ સમગ્ર કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તાર માટે લાગુ પડશે. આ જાહેરનામું તા. ૩૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૯-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૩૦-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી કરી કચેરીનો સિકકો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

**આનંદ પટેલ**
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ ભુજ

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/E-44-1/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./દરખાસ્ત/ ૭૪૫/૨૦૨૬, તા. ૦૪-૦૪-૨૦૨૬ થી રા.અ.પો. દળ જુથ-૨ અમદાવાદના પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા ફયારીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૦૬-૦૪-૨૦૨૬ થી તા. ૦૮-૦૪-૨૦૨૬ના દિવસ-૦૩ (ત્રણ) માટે સમય ક. ૦૬-૩૦ થી ક. ૧૯-૦૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૬-૦૪-૨૦૨૬ થી તા. ૦૮-૦૪-૨૦૨૬ ના કુલ દિવસ-૦૩(ત્રણ) માટે સમય ક. ૦૬-૩૦ થી ક. ૧૯-૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉત્તર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજુ બાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરથી દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજરોજ તા. ૦૪-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનાના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-84-2/૨૦૨૬.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજિક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહશાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે અગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૭-૦૪-૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૧-૦૪-૨૦૨૬ થી તા. ૨૪-૦૪-૨૦૨૬ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સભા, સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. -૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

વિષય : પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતાં હોસ્પિટલ/ કલીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

## જાહેરનામું

નં.એમએજી/સી/૧૬૩/E-૩૧૨૭૨૨/૨૦૨૬.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદરના પત્ર નં. જીપં/આરો/પોર/ પી.એન.ડી.ટી./૯૭૯/૨૦૨૬, તા. ૨૩-૦૩-૨૦૨૬ થી પોરબંદર જિલ્લાની જુદી જુદી કુલ-૧૯ પી.સી. અને પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ અને એન્ટીનેટલ સોનગ્રાફી કરતી હોસ્પિટલ/કલીનીક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી. ટીવી કેમેરા લગાવવા બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે. હાલ P.C. & P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન

ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેવી પોરબંદર જિલ્લાની કુલ-૧૯ કલીનિકો/હોસ્પિટલ/સંસ્થાઓ કાર્યરત છે. આ રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ફરજીયાત ૩૦ દિવસના ઓડીયો-વિડિયો રેકોર્ડીંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. આમ, જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર દ્વારા કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું રેખાબા સરવૈયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના P.C.& P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી પોરબંદર જિલ્લાની કુલ-૧૯ હોસ્પિટલ/કિલનિક કે સંસ્થાઓમા નીચે મુજબ હુકમ કરુ છું કે,

(૧) પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં P.C. & P.N.D.T. ACT અન્વયે નોંધાયેલ કલીનીકોમાં ફરજીયાત ૩૦ દિવસના (૨૪×૭ કલાક) ઓડિયો વિડીયો બેકઅપ સાથે સી.સી.ટી.વી. કાર્યરત રાખવાના રહેશે અને સોનોગ્રાફી રૂમમાં નકકી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી. સોનોગ્રાફી રૂમની અંદર કે જયાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૨) નકકી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમના આવન-જાવન નાં દરવાજા અલગ અલગ હોય તો બંને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૩) કોઈ હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે એકથી વધુ ડોકટર હોય તેવી હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે તમામ ડોકટરની ચેમ્બર કે જ્યાં સોનોગ્રાફી મશીન હોય તેવા તમામ ડોકટરની ચેમ્બરની બહારના દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. આ બાબત વીઝીટીંગ ડોકટરના કીસ્સામાં પણ લાગુ પાડવાની રહેશે.

(૪) સંબંધિત ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનું રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સબંધિત હોસ્પીટલ/કલીનીક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૦૭-૦૪-૨૦૨૬ થી તા. ૦૫-૦૬-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા સુધી અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર અથવા તેના તાબાનાં સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરંબદર, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તથા નાયબ માહિતી નિયામકશ્રી, પોરબંદરની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૦૭-૦૪-૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

પોરબંદર, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

**અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/ સી/૧૬૩/E-૩૧૨૭૨૨, તા. ૦૭-૦૪-૨૦૨૬ સાથેનું પરિશિષ્ટ**

| No. | Doctor Name | Hospital Name |
|---|---|---|
| 1 | Dr. Piyush Chitroda | Vedant Hospital |
| 2 | Dr. Dipti Chauhan | Anand Hospital |
| 3 | Dr. Nashroom Chuttani | New Life Hospital |
| 4 | Dr. Jignesh Modi | Riddhi Hospital |
| 5 | Dr. Kailash Lakhani | Jay Hospital |
| 6 | Dr. Nilesh Gorania | Venus Hospital |
| 7 | Dr. Kirit Bhatt | Meeta Hospital |
| 8 | Dr. Bhavesh Parmar | Shreeji Hospital |
| 9 | Dr. Paras Majithiya | Manan Hospital |
| 10 | Dr. Jayesh Dabhi | Suvidha Sonography Centre |
| 11 | Chief Disctrict Medical Officer | M. R. Hospital |
| 12 | Dr. Mukesh Nakum | Aum Imaging Centre |
| 13 | Chief District Medical Officer | Civil Hospital Porbandar |
| 14 | Dr. Hira G. Kodiyatar | Siddharth Hospital & Maternity Home |
| 15 | Dr. Ashish Kucchadiya | Vatsalya Women's And Child Care |
| 16 | Dr. Yusuf Bhambhani | Global Hospital |
| 17 | Dr. Janardan Joshi | Joshi's Clinic |
| 18 | Dr. Sudhirkumar Sinh | Sambhav Daiglostic Centre |
| 19 | Shri Aftabhmed G. Karatela (Trustee) | Rafika Hospital |

**રેખાબા સરવૈયા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

## સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫.

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, મોરબીના પત્ર નં. સ્વામિત્વ મોજણી/એલ.આર.સી.-૧૨૬/ટીંકર/૨૦૨૬, તા. ૧૦-૦૩-૨૦૨૬.

## જાહેરનામુ

નં. વહટ-૫૦/સ્વામિત્વ/LRC ૧૨૬ જાહેરનામું/ટીંકર/૨૦૨૬.- ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (survey of villages and mapping with improvised technology in village areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ ના તા. ૨૪-૦૧-૨૦૨૨ વાળા ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના અને તા. ૧૦-૦૮-૨૦૨૨ વાળા ઠરાવથી સ્વામિત્વ યોજમોટા અમલીકરણના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકા સિવાયના બાકી રહેલ સ્વામિત્વ યોજનામાં સમાવવા પાત્ર રાજ્યના તમામ ગામોમા મહેસુલી સરવે દાખલ કરવાના હેતુથી જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ ૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુ સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-ટીંકર, તાલુકો હળવદ, જિલ્લો મોરબીમાં ડી.ઈ.લે.રેશ્રી, મોરબી દ્વારા તૈયાર કરેલ વંચાણ-૩ ની દરખાસ્ત અનુસંધાને આ સાથેના પરિશિષ્ટ-અ (ખેતી) માં (હે. ૦૦ આરે. ૦૦ ચો. ૦૦), પરિશિષ્ટ-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પરિશિષ્ટ-ક (સરકારી સર્વે નં.) માં (હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરિશિષ્ટ-ડ (ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી) માં (હે. ૧૨ આરે. ૬૦ ચોમી. ૬૦) મળી કુલ ક્ષેત્રફળ હે. ૧૨ આરે. ૬૦ ચો.મી. ૬૦ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

**પત્રક-અ**

**મોજે ટીકર, તા. હળવદ, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આરે.ચોમી. |
| ૧ | નીલ | |
| કુલ | | ૦-૦૦-૦૦ |

**પત્રક-બ**

**મોજે ટીકર, તા. હળવદ, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા બીનખેતીના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આરે.ચોમી. |
| ૧ | નીલ | |
| કુલ | | ૦-૦૦-૦૦ |

**પત્રક-ક**

**મોજે ટીકર, તા. હળવદ, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા સરકારી સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આરે.ચોમી. |
| ૧ | નીલ | |
| કુલ | | ૦-૦૦-૦૦ |

**પત્રક-ડ**

**મોજે ટીકર, તા. હળવદ, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આરે.ચોમી. |
| ૧ | (ગામતળ) | ૧૨-૬૦-૬૦ |
| કુલ | | ૧૨-૬૦-૬૦ |

**તારીજ**

**મોજે ટીકર, તા. હળવદ, જિ. મોરબીના સ્વામીત્વ યોજના LRC-126 જાહેરનામામાં આવતા ખેતી, બીનખેતી, સરકારી તથા ગામતળના સર્વે નંબરોની વિગત દર્શાવતુ પત્રક**

| ક્રમ નં. | સર્વે નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| | | હે.આરે.ચોમી. |
| ૧ | પત્રક-અ | ૦-૦૦-૦૦ |
| ૨ | પત્રક-બ | ૦-૦૦-૦૦ |
| ૩ | પત્રક-ક | ૦-૦૦-૦૦ |
| ૪ | પત્રક-ડ | ૧૨-૬૦-૬૦ |
| કુલ | | ૧૨-૬૦-૬૦ |

મોરબી, ૧૬ માહે માર્ચ, સને ૨૦૨૬.

મયુર એમ. કરમટા
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ
મોરબી

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.29 15:34:36 IST